<u>નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧</u>

ચાર મધ્યસ્થ જેલ ખાતે (અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત) નવા ચાર મીની આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૬૫/બ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૨-૦૫-૨૦૨૦

<u>સંદર્ભ</u>:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૧/૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: મકમ-૩/આઇસીડીએસ-આં.વા.કે/નવીબાબત/ચાર મીની આંગણવાડી/વશી/૬૦૫૨/૨૦૨૦

<u>ઠરાવ</u>:-

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીના તાબા હેઠળની કચેરીઓમાં ૩૩ જિલ્લા આઇ.સી.ડી.એસ. સેલ, ૭ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ૪૨૬ ઘટક મંજુર કરવામાં આવેલ છે. આ કચેરીઓમાં કુલ-૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો ભારત સરકાર ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. સંદર્ભ (૧) થી રાજ્યના ૪ જિલ્લાના મધ્યસ્થ જેલ ખાતે (અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત) ઉપલબ્ધ કવાર્ટસમાં જેલમાં રાખવામાં આવતાં મહિલા કેદીઓ સાથેના બાળકો અને સ્ટાફના બાળકો માટે રાજ્ય સરકારની ૧૦૦% સહાય હેઠળ ચાર મીની આંગણવાડી કેન્દ્ર શરૂ કરવા માટે રૂ.૪,૫૭,૨૮૦/- ની બજેટ જોગવાઇની વર્ષ ૨૦૨૦-૨૧ નવી બાબત તરીકેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની ચાર મધ્યસ્થ જેલ ખાતે (અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત) મહિલા કેદીઓ તથા આ જેલના સ્ટાફના બાળકોને આંગણવાડી સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકારની ૧૦૦% સહાય હેઠળ નવા ચાર મીની આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા માટે રૂ.૪,૫૭,૦૦૦/- (રૂપિયા ચાર લાખ અને સત્તાવન હજાર પૂરા) ની બજેટ જોગવાઈમાંથી ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનિ ઠરાવવામાં આવે છે.

<u>બજેટ હેડ:</u>

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | (૦૨) પોષણ યુક્ત આહાર અને પીણાંની વહેંચણી |
| ગૌણ સદર | : | ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ |
| પેટા સદર | : | ૦૧-એનટીઆર-૧૦ આંગણવાડી કાર્યકર/ તેડાગરોને વધારાની સવલતો |

<u>શરતો:</u>

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યતાના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૨) આ યોજનાનો અમલ તા,૧/૪/૨૦૨૦ થી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧૩/૫/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
સંયુક્ત સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકરીશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૯) સચિવશ્રી(આયોજન)ના નાયબ સચિવ,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................

(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ........................

(૧૪) વિભાગીય નાયબ નિયામકશ્રી(આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

(૧૫) સર્વે પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ...................

(૧૬) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ),મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ..............

(૧૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૨૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૧) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, તમામ

(૨૨) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ

(૨૩) સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨૪) સિલેક્ટ ફાઇલ